MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

# ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શિક્ષણની પ્રક્રિયામાં ઉત્તમ શિક્ષણ માટે નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ એક અભ્યાસ

**JADEJA NITABA RUPSHIH,** PhD Student, (Education) Saurashtra University Rajkot.

**Abstract**

શિક્ષણની પ્રક્રિયાને ઉત્તમમાં ઉત્તમ બનાવવા માટે નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ, ક્રિયેટીવ પ્રેક્ટિસની આવશ્કતા હોય છે. આજના સમયમાં નાવીન્યપૂર્ણ, ક્રિયેટીવ પ્રેક્ટિસ દ્વારા શિક્ષક પોતાની અધ્યાપનની અસરકારકતા અને વ્યાપકતા વધારી શકે છે. શિક્ષક વિવિધ ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરે છે. શિક્ષકની જેટલી નાવીન્યપૂર્ણ ટેકનીકી પ્રત્યેની પ્રેક્ટીશ વધુ હશે, તેમ વિદ્યાર્થીઓમાં જ્ઞાનનું સિંચન વધુને વધુ  થશે. શીખવાની પ્રક્રિયામાં નાવીન્યપૂર્ણ એ શિક્ષણની કાર્યક્ષમતા વધારવા શિક્ષણ તકનીકો સાથે, ગુણવત્તા, પરિવર્તનશીલતા, વ્યક્તિગત ભિન્નતા અને તાલીમ પ્રેક્ટિસ દ્વારા વિષય શીખવવામાં નવી તકોનું નિર્માણ કરે છે. શિક્ષક અને વિદ્યાર્થીઓની સહભાગિતાની તક પૂરી પાડે છે. આ  પ્રેક્ટિસ દ્વારા જ્ઞાન વધુને વધુ ઊંડું બને છે. સંગીન બને છે.

**અભ્યાસના હેતુઓમાં** ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શિક્ષણશાસ્ત્રમાં નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણવા, નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે પ્રવૃત્તિઓ જાણવી, શિક્ષકોની મુશ્કેલીઓ જાણવી, અને પુરુષ અને સ્ત્રી શિક્ષકોના અભિપ્રાયો જાણવા. જામનગર જિલ્લાની ધ્રોલ તાલુકાના ગુજરાતી માધ્યમની અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાપવિશ્વમાંથી સહેતુક નમુના પસંદગીની પદ્ધતિથી 50 શિક્ષકોની પસંદગી કરવામાં આવી. ઉપકરણમાં લીકટ પદ્ધતિ દ્વારા સ્વરચિ અભિપ્રયાવલિની રચી, માહિતી પ્રાપ્ત કરી હતી. **નિષ્કર્ષ**: શિક્ષણશાસ્ત્રમાં નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે  શિક્ષકો હકારાત્મક હોવાથી તેમને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષકોની  મુશ્કેલીઓ દૂર કરવી જોઈએ. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે સ્ત્રી અને પુરુષ શિક્ષકો વચ્ચે જાતિગત ભેદ થવો જોઈએ નહી. શિક્ષકોને નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ બાબતે પર્યાપ્ત જ્ઞાન આપવું જોઈએ.

**Key words: ઉચ્ચતર માધ્યમિક કક્ષા, નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસનો વ્યવહારિક અભ્યાસ:**

## 1. પ્રસ્તાવના

વિદ્યાર્થીઓનો ઉત્કર્ષ માટે શિક્ષણમાં પ્રેક્ટિસ અગત્યની છે. શિક્ષણની પ્રક્રિયાને ઉત્તમમાં ઉત્તમ બનાવવા માટે નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ, ક્રિયેટીવ પ્રેક્ટિસની આવશ્કતા હોય છે. આજના સમયમાં નાવીન્યપૂર્ણ, ક્રિયેટીવ પ્રેક્ટિસ દ્વારા શિક્ષક પોતાની અધ્યાપનની અસરકારકતા અને વ્યાપકતા વધારી શકે છે. શિક્ષક વિવિધ આદાન-પ્રદાન વર્ગવ્યવહાર દ્વારા વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરે છે. અને શિક્ષક-વિદ્યાર્થી  આંતરક્રિયા વધતા વિદ્યાર્થીઓ સતત શીખવાની પ્રક્રિયામાં સક્રિય રહે છે. શિક્ષકની જેટલી નાવીન્યપૂર્ણ ટેકનીકી પ્રત્યેની પ્રેક્ટીશ વધુ

ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

હશે તેમ વિદ્યાર્થીઓમાં જ્ઞાનનું સિંચન અને સંવર્ધન વધુને વધુ થશે. શિક્ષક પ્રક્રિયાને પ્રવૃતિશીલ, રોચક, અસરકારક વાસ્તવિક અને વાસ્તવિક બનાવવા માટે શિક્ષક હંમેશાં શિક્ષણમાં નાવીન્યપૂર્ણ ક્રિયેટીવ પ્રેક્ટિસ વ્યવહારોનો ઉપયોગ કરતા રહેવું પડે છે. કારણકે શિક્ષકને શિક્ષણ-પ્રક્રિયાને પ્રવૃતિશીલ, રોચક, અસરકારક અને વાસ્તવિક બનાવવી છે. શિક્ષક વર્ષોથી પ્રેક્ટિસ વ્યવહારોનો ઉપયોગથી નવપરિવર્તન લાવનાર એક ઘટક તરીકેની મહત્વની ઓળખ ધરાવે છે. શિક્ષકની શિક્ષણ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવામાં મહત્વની ભૂમિકા છે. શિક્ષકે અધ્યયન અધ્યાપન કાર્યમાં નાવીન્યપૂર્ણ કે સર્જનાત્મકતાને નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ દ્વારા અમલ કરવાની કામગીરી હાથ ધરવાની હોય છે. જેથી વિદ્યાર્થીને અધ્યયન કાર્યમાં સરળતા રહે, તે માટે શિક્ષક સતત નિરીક્ષણ, શોધખોળ, વિચારણા કે પ્રયોગો કરતાં રહેવું પડે છે. આ બાબતોની સફળતા કે નિષ્ફળતાનો આધાર શિક્ષકની અધ્યયન અધ્યાપન પદ્ધતિમાં નાવીન્યપૂર્ણ સર્જનાત્મકતા પર રહે છે.

**નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસનો વ્યવહારિક અર્થ:** નાવીન્યપૂર્ણ શિક્ષણ એ વર્ગખંડમાં નવી શિક્ષણ વ્યૂહરચના અને પદ્ધતિઓનો સક્રિયપણે પરિચય કરવાની પ્રક્રિયા છે. આ નવી શિક્ષણ વ્યૂહરચના અને પદ્ધતિઓનો પરિચય કરવાનો હેતુ શૈક્ષણિક પરિણામોમાં સુધારો કરવાનો છે અને ન્યાયપૂર્ણ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વાસ્તવિક સમસ્યાઓનું નિરાકરણ કરવાનો છે. શીખવાની પ્રક્રિયામાં નાવીન્યપૂર્ણ એ શિક્ષણની કાર્યક્ષમતા વધારવા શિક્ષણ તકનીકો સાથે, ગુણવત્તા, પરિવર્તનશીલતા, વ્યક્તિગત ભિન્નતા અને તાલીમ પ્રેક્ટિસ દ્વારા વિષય શીખવવામાં નવી તકોનું નિર્માણ કરે છે. શિક્ષક અને વિદ્યાર્થીઓની સહભાગિતાની તક પૂરી પાડે છે. આ પ્રેક્ટિસ દ્વારા જ્ઞાન વધુને વધુ ઊંડું બને છે. સંગીન બને છે. વિદ્યાર્થીઓના બૌદ્ધિક સ્તરમાં વધારો થાય છે.

ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શિક્ષક પોતાના વિષયના શિક્ષણનું અધ્યાપન નાવીન્યપૂર્ણ ક્રિયેટીવ પ્રેક્ટિસ શિક્ષણ પ્રત્યે હકારાત્મક અસર ઉપજાવે તે હેતુસર સંશોધકે આ વિષય પણ સંશોધન કરવાનું વિચાર્યું.

**2. અભ્યાસનું શીર્ષક**

Bringing Excellence through Innovative Practices in Pedagogical Process

**3. અભ્યાસના હેતુઓ**

1. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.
2. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે પ્રવૃત્તિઓ જાણવી.
3. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષકોની મુશ્કેલીઓ જાણવી.
4. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે પુરુષ અને સ્ત્રી શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

**4. અભ્યાસના પ્રશ્નો**

1. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવાં હશે?
2. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષણ પદ્ધતિની પ્રવૃત્તિઓ કેવી હશે?

3. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષકોની મુશ્કેલીઓ કેવી હશે?

4. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે પુરુષ અને સ્ત્રી શિક્ષકોના અભિપ્રાયોમાં ભેદ છે?

**5. સંશોધન ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ શિક્ષણના સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો જાણવાનો છે. તેથી પ્રસ્તુત અભ્યાસનું સંશોધન ક્ષેત્ર ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી હતું.

**નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ શિક્ષણ** : શિક્ષણના પડકારોને સતત પકડવા, નવી શિક્ષણ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવા નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ શિક્ષણમાં કરવાના થતી હોય છે. જેથી શિક્ષક વિદ્યાર્થીઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. વિદ્યાર્થીઓને અધ્યાપન દરમિયાન સક્રિયરીતે જોડાવા, સહઅધ્યાયીઓને શિક્ષક સાથે ચર્ચા વાર્તાલાપ કરવા પ્રોત્સાહિત કરે છે. શિક્ષક મુખ્યત્વે વિદ્યાર્થીઓને કેટલું જ્ઞાન આપી શકે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. **શિક્ષણશાસ્ત્રમાં નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ માટેની નવીન શિક્ષણ પદ્ધતિઓ** જેવીકે, ઇન્ટરેક્ટિવ પાઠ, વર્ચ્યુઅલ રિયાલિટી ટેકનોલોજીનો ઉપયોગ, શિક્ષણમાં AI નો ઉપયોગ, મિશ્રિત શિક્ષણ, 3D પ્રિન્ટીંગ, ડિઝાઇન-વિચાર પ્રક્રિયાનો ઉપયોગ, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, પૂછપરછ આધારિત શિક્ષણ જીગ્સૉ(પઝલ), અને ક્લાઉડ કમ્પ્યુટિંગ શિક્ષણ વગેરે..

**6. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ શિક્ષણની જરૂરિયાત**

શીખવાની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. વિદ્યાર્થીઓને અધ્યાપન દરમિયાન સક્રિયરીતે જોડે છે. વિદ્યાર્થીઓને વધુ રસ લેતા કરી, વધુ વ્યસ્ત રાખવા ઉપયોગી થશે. વિદ્યાર્થીઓને વર્ગોમાં વધુ સારી રીતે શીખવામાં મદદરૂપ બનશે. ઑનલાઇન વર્ગો, હાઇબ્રિડ શિક્ષણ તરફ પરિવર્તનમાં વિદ્યાર્થીઓને, શિક્ષકોને કે શાળાને મદદરૂપ બનશે.

**7. અભ્યાસની ક્ષેત્ર મર્યાદા**

પ્રસ્તુત અભ્યાસ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો પૂરતું મર્યાદિત છે.

**8. વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

જામનગર જિલ્લાની ધ્રોલ તાલુકાના ગુજરાતી માધ્યમની અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો એ અભ્યાસનું વ્યાપવિશ્વ બને છે. પ્રસ્તુત અભ્યાસમાં સહેતુક નમુના પસંદગીની પદ્ધતિથી 50 શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

**9. અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં સર્વેક્ષણ પદ્ધતિમાં શાળા સર્વેક્ષણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**10. ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શિક્ષણશાસ્ત્રમાં નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો જાણવાના હેતુસર લીકટ પદ્ધતિ દ્વારા સ્વરચિ અભિપ્રયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં અ વિભાગમાં કુલ 20 કલમ હતી. જ્યારે બ વિભાગમાં બે મુક્ત જવાબી પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા.

**11. માહિતી એકત્રીકરણની રીત**

સ્વરચિત ઉપકરણોની દ્વારા જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને અભિપ્રયાવલિ આપી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. અભિપ્રયાવલિ ભરાવી શિક્ષકો પાસેથી પરત મેળવી માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

**12. માહિતી વિશ્લેષણની રીત**

અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરવા માટે ટકાવારી અને કાઈ વર્ગ મૂલ્ય જેવી આંકડશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મુક્ત જવાબી પ્રશ્નો માટે  પ્રતિભાવોની આવૃત્તિ પ્રાપ્ત કરવામાં આવી હતી.

**13. પરિણામો**: પ્રત્યેક વિધાનો પર આપેલા અભિપ્રાયોનું કાયવર્ગ મૂલ્ય 153.37 થી 168.46 વચ્ચે હતું. સરણી ઈ પરથી df =18 માટે આવશ્યક સરણી મૂલ્ય 0.01 કક્ષાએ સાર્થક છે. જે દર્શાવે છે કે પ્રત્યેક વિધાનો પર મળેલા પ્રતિચાર આકસ્મિક નહી પરંતુ વાસ્તવિક છે. તેમજ પ્રત્યેક વિધાનો તરફની સંમતની ટકાવારી વધુ હતી.

**14. અભ્યાસના તારણો**

પ્રસ્તુત અભ્યાસના તારણો નીચે મુજબ પ્રાપ્ત થયા હતાં.

૧. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષક પોતાના શિક્ષણ કાર્યમાં નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસને વ્યાપક બનાવવા, શીખવવામાં અધ્યાપન મોડેલ, નકશા, આલ્બમબુક, ક્ષેત્રકાર્ય, સમૂહ માધ્યમ જેવી પદ્ધતિ પ્રવૃતિઓ પ્રત્યે હકારાત્મક વલણ હતું. જ્યારે શિક્ષકોને વિદ્યાર્થીઓ અને તેના સહાધ્યાયીનો સાથ સહકાર મળતો હોવાનું જાણવા મળ્યું હતું. અધ્યાપનકાર્યમાં નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ પ્રત્યેનું શિક્ષકોના પ્રતિભાવ હકારાત્મક હતા.

૨. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ પ્રવૃત્તિમાં મુખ્યત્વે વિશિષ્ટ ઉપકરણોનો ઉપયોગ, મોજણી, ક્ષેત્રકાર્ય, સમૂહ માધ્યમનો ઉપયોગ, નવા અભિગમ અને પ્રયોગો કરવા,  ઇન્ટરેક્ટિવ પાઠ, વર્ચ્યુઅલ રિયાલિટી ટેકનોલોજીનો ઉપયોગ, શિક્ષણમાં AI નો ઉપયોગ, મિશ્રિત શિક્ષણ, 3D પ્રિન્ટીંગ,  ડિઝાઇન-વિચાર પ્રક્રિયાનો ઉપયોગ, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, પૂછપરછ આધારિત શિક્ષણ  જીગ્સૉ(પઝલ), અને ક્લાઉડ કમ્પ્યુટિંગ શિક્ષણ હતી

**3.** નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસમાં અનુભવાતી મુશ્કેલીઓમાં સાધન-સામગ્રીનો અભાવ, અભ્યાસનું વધુ ભારણ, પરીક્ષાલક્ષી દ્રષ્ટિકોણ, વિદ્યાર્થીઓની વધુ સંખ્યા, નવા વિચારો પ્રત્યે ઉદાસીનતા, જેવી બાબતો મુખ્ય હતી..આ ઉપરાંત સમયપત્રકનું બંધન, વિદ્યાર્થીઓમાં શિસ્તનો અભાવ, શાળાકીય કાર્યનો ભાર, શિક્ષકોમાં નાવીન્યપૂર્ણના આવકારનો અભાવ નોંધપાત્ર મુશ્કેલીઓ જણાઈ હતી.

**4.** સ્ત્રી અને પુરુષ શિક્ષકોના પ્રતિભાવો કેટલીક બાબતોના સંદર્ભમાં ભેદ જણાયો હતો. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસન પ્રવૃત્તિને અમલ વખતે સહાધ્યાયી શિક્ષક મિત્ર તરફથી કેટલીક ટીકા પુરુષ શિક્ષકોની સરખામણીએ સ્ત્રી શિક્ષિકામાં 15 ટકા વધુ હતી. ઇનોવેશન પ્રેક્ટિસન પ્રત્યે જાતિગત ભેદ જોવા મળ્યો હતો.

**5.** નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ અંગેનું પર્યાપ્ત જ્ઞાન ન હોય તો મુશ્કેલી અનુભવતી હતી. શિક્ષકો અમલમાં કરી શકતા ન હતા એ હકીકત સ્પષ્ટ થઈ હતી.

## 15. નિષ્કર્ષ

૧. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષકો હકારાત્મક હોવાથી તેમને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ.

૨. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે શિક્ષકોની મુશ્કેલીઓ દૂર કરવી જોઈએ.

૩. નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ સંદર્ભે સ્ત્રી અને પુરુષ શિક્ષકો વચ્ચે જાતિગત ભેદ થવો જોઈએ નહી.

૪. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શિક્ષકોને નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ બાબતે પર્યાપ્ત જ્ઞાન આપવું જોઈએ.

**Reference:**

- દેસાઇ, કે. જી અને શાહ, જે. એચ. (2002). ***શૈક્ષણિક પરિભાષા અને વિભાવના.*** અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- દેસાઈ, એચ .જી અને દેસાઇ, કે .જી (1997). ***સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.*** અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- શાહ, ડી. બી. (1993). ***શૈક્ષણિક પ્રોદ્યોગિકી.*** અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- Siddiavi, M. H. (2009). ***Techniques of Teaching.*** New Delhi: A.P.H. Publication Corporation.
- https://www.sarkariyojanaguj.com

Certificate No.:010212202323

multidisciplinary COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (on-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**JADEJA NITABA RUPSHIH**

In recognition of the publication of the paper entitled

ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શિક્ષણની પ્રક્રિયામાં ઉત્તમ શિક્ષણ માટે નાવીન્યપૂર્ણ પ્રેક્ટિસ એક અભ્યાસ

Published in Volume 01, Issue 02, December 2023.

**EDITOR IN CHIEF**